

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નોકરી નાં આંબા-આંબલી વાવી વેતરી નાખે છે,*
*પડાવી લે પૈસા, દુખતા ઘાવ ખોતરી નાખે છે.*
*મંતરી નાખે, વિદેશી મોહમાં, શીશામાં ઉતારી -*
*બેકારીનો લાભ લઈ ઠગારા છેતરી નાખે છે*
*(છેતરપીંડી - ઠગાઈના કિસ્સા વધ્યા)*

### હાઈકુ

*લુચ્ચા ને દુષ્ટો -*
*- ભૂખે મરતા નથી -*
*લોભી હોય ત્યાં...*

*ટૂંકા રસ્તાની -*
*લોભામણી લાલચે -*
*ફસાય લોકો...*

### ચિંતન

**શ્વઃ સહસ્રાદધે કાકિની શ્રેયસી ।**

ઉપરોક્ત સૂત્ર ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ ઓછે.

કાલના હજારો રૂપિયા કરતાં આજની એક કોડી ઉત્તમ છે.

ભવિષ્યમાં મળનારા હજારો રૂપિયા કરતાં આજે મળનારો એક પૈસો ઉત્તમ અને શ્રેષ્ઠ છે.

કેટલાક માણસો વાસ્તવિકતા સમજ્યા વિના કલ્પનાના ઘોડા દોડાવે છે અને વર્ષો પછીના અદ્‌ભૂત અનુમાન અને આયોજનમાં રાચતા હોય - શક્તિ અને સંચય વિના માત્ર આવતી કાલના સપનામાં રાચનારા મૂંગેરીલાલોના કાલ્પનિક આનંદ કરતાં વ્યવહારિક - વાસ્તવિક આજની ક્ષણ ખૂબ જ કિંમતી છે.

### સુવિચાર

- અસ્તિત્વ પ્રેમ શબ્દનું કાયમ નહીં રહે, તો જગતમાં કોઈ ચીજ મુલાયમ નહીં રહે - **મુકબિલ કુરેશી**
- દુર્ભાગ્ય ઉપર માનવીનો અધિકાર નથી, આવી માન્યતાઓ આપણા જીવનમાં ઘર કરી બેઠેલી છે, તેનાથી આપણે નિર્માલ્ય અને પાંગળા બની ગયા છીએ - **કચ્છમિત્ર**
- મૂળ વગરનું વૃક્ષ અને વિશ્વાસ વગરનો વ્યવહાર વધુ ટકતાં નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનમાં બુદ્ધિની સાથે શુદ્ધિ હશે તો સિદ્ધિ મળશે - **રાજયશસૂરિશ્વરજી**
- જીવતા જે કરવું જોઈએ એ આપણે કરતાં નથી અને મર્યા પછીય જીવતા કેમ રહી શકાય એની ફિકર આપણે કરીએ છીએ, બાલિશતા જ છે ને? - **મુંબઈ સમાચાર**
- જે માણસ વર્ચસ્વને જ સર્વસ્વ માનતો હોય એની દોસ્તી કરવી નહીં, કારણ કે તમારા અસ્તિત્વનો ઉપયોગ પોતાના વર્ચસ્વ વધારવા માટે કરે તેવી પૂરેપૂરી શક્યતા છે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : સવાર-સાંજ ખાલી પેટે એક ચમચી ગુલકંદનું સેવન કરવાથી બહેનોને માસિક નિયમિત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક દક્ષિણ કોરિયાના ધનિક અને મોટા કારખાનાના સ્થાપકે પોતાની જીવનયાત્રાને પુસ્તક રુપે પ્રગટ કરવા એક લેખકને સૂચના આપી. આ લેખકે તૈયારી કરવાના ભાગરૂપે તેમના અંગત સ્ટાફ કે જેમાં એમનો નોકર, રસોયો, એમનો પ્યુન, એમનો બંગલાનો ચોકીદાર, એમના ઓફિસના સેક્રેટરી અને એમના આસિસ્ટન્ટ વગેરેની સાથે વાતો કરવાનું નક્કી કર્યું. સેક્રેટરીએ કહ્યું, 'સાહેબ, અમારા ખૂબ શાંત સ્વભાવના છે, મને પત્ર લખાવે તો પત્ર લખાવીને મને પૂછે છે. બરાબર લાગે છે? હું એમ કહું કે આમ આ વાક્યમાં ફેરફાર કરવાની જરૂર લાગે છે. તો તરત સ્વિકારી લે છે.' આસીસ્ટન્ટ મેનેજરે કહ્યું, 'હું અહિંયા વીસ વર્ષથી કામ કરું છું.' સાહેબે મને કોઈ દિવસ માલિકીભાવથી એવું કહ્યું નથી કે હું કહું છું એમ જ કરો. તેઓ હંમેશા એમ જ કહે, 'તમે આમ કરવાનું વિચારી જોજો. અથવા... આ રીતે કાર જલ્દી થશે.' એવી સૂચના જ આપે છે.' ચોકીદારે કહ્યું, 'હું ઝાંપા ઉપર હાજર ન હોઉ તો જાતે ઉતરીને દરવાજો ખોલી નાખે છે... કંઈ જ બોલે નહીં. માત્ર એટલું હસીને કહે મારા આવવાના સમયે ગેટ ખુલ્લો રાખો...' પ્યુને કહ્યું, 'હું વર્ષોથી તેમની કેબીનની બહાર બેસુ છું. મેં કઈ એમને કોઈ કર્મચારી સાથે ઊંચા અવાજે વાત કરતાં સાંભળ્યા નથી, કે અપમાન કરતાં સાંભળ્યા નથી.' આત્મકથા લખનાર લેખકને ખ્યાલ આવ્યો કે શેઠ કદી ગુસ્સે થતા નથી... કયારેય માલિક બની હુકમો કરતા નથી... સૂચના આપે... અને સામેની વ્યક્તિને કામ સુધારવાની મઠારવાની તક આપે છે. કામનો ઓર્ડર કરતા નથી માત્ર કામ બતાવવાનું કે આમ કરવાનું છે. આવી ખાસિયત વાળા શ્રી ઓમાન ડી યંગની પર્સનલાટિીથી લેખક પ્રભાવિત થયા.

# દિલ્હી દીવાદાંડી બની રહી છે

**તંત્રીસ્થાનેથી...**

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાની પાયાની સેવાઓ પર મતદારોએ પસંદગીની મહોર મારી દીધી છે. લોકસભાની ચૂંટણીમાં દિલ્હીની સાતે સાત બેઠકો આ જ મતદાતાઓએ નરેન્દ્ર મોદીની ઝોળીમાં સમર્પિત કરી દીધી હતી. બીજી વખત સત્તાના સિંહાસન પર બેઠેલ ભારતીય જનતા પાર્ટી યેનકેન પ્રકારણે અરવિંદ કેજરીવાલનો ઘડોલાડવો કરવા કૃતસંકલ્પ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની વિજેતા જોડીએ આ ચૂંટણીને પ્રતિષ્ઠાની ચૂંટણી બનાવી હતી. કેન્દ્રીય મંત્રીઓની આખેઆખી બટાલિયન ઉપરાંત ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ અને સિત્તોર જેટલા સાંસદોની સેનાએ કેજરીવાલ - સિસોદિયાના વિકાસ કાર્યક્રમ વિરુદ્ધ રાષ્ટ્રવાદ અને સાંપ્રદાયિકતાની જેહાદ જગાવવામાં કોઈ કસર નહોતી છોડી. શાહીન બાગમાં ચાલી રહેલ ધરણાં વિરુદ્ધ ઝેર ઓકવામાં બધાએ એકમેકની હરિફાઈ કરી હતી. બટન એટલું જોરથી દબાવો કે છેક શાહીન બાગ સુધી એનો કંરટ પહોંચે - જેવી ઉશ્કેરણીજનક પ્રતિક્રિયાઓ કે ભાજપ સિવાયના બધા જ પક્ષો પાકિસ્તાનની ભાષા બોલી રહ્યા હોવાનાં નિવેદનો, બાકી રહી જતું હતું તે હિંદુત્વનું રાષ્ટ્રીય પ્રતીક બની રહેલા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનાં રાષ્ટ્રવાદના અંચળા હેઠળ કોમવાદની પડીકીવાળાં પ્રવચનો - આ બધાનો દિલ્હીની દિલાવર પ્રજાએ ખુલ્લો બહિષ્કાર કરીને કેજરીવાલને ત્રીજી વાર દિલ્હીનું સુકાન સોંપવાનો નિર્ણય કર્યો અને તે પણ પાતળી બહુમતીથી નહીં, બલકે રાક્ષસી બહુમતીથી. કયારેક આ જ કેજરીવાલ વારાણસીની લોકસભાની બેઠક મોદીની સામે હારીને પરત આવેલા ત્યારે દિલ્હીના આ જ મતદાતાઓએ એમને ખોવાયેલા દીકરાને એનાં માબાપ જે હેતથી અપનાવી લે, તેડી લે - એવો હૂંફાડો પ્રતિસાદ પાઠવીને ૭૦ પૈકી ૬૭ બેઠકો આપી દઈ રેકોર્ડ બનાવી દીધો હતો. કેજરીવાલ પ્રત્યેની એ મમતા અને શ્રદ્ધામાં પાંચ વર્ષ પછી દિલ્હીના મતદારોમાં કોઈ જ ઊણપ નથી આવી - એની સાહેદી આ ચૂંટણીમાં મળેલ ભવ્ય વિજય પૂરે છે. કોંગ્રેસ કયાંક ચિત્રમાં જ ન રહી, તે પણ સૂચક છે, કોંગ્રેસે પુનરાગમન માટે પ્રયાસ કરવાનું સમજણપૂર્વક માંડી વાળ્યું હોય તે શક્ય છે. શીલા દીક્ષિતવાળી દિલ્હી કરતાં દિલ્હીની પ્રજાએ કેજરીવાલ - સિસોદિયાવાળી દિલ્હી વધુ રાશ આવી છે. દેશની રાજધાનીમાં ભગવો ફરકાવવાનું ભાજપનું સપનું મદનલાલ ખુરાના - સાહિબસિંહ વર્મા કે સુષમા સ્વરાજ જેવાં પ્રતિભાશાળી નેતાઓએ એકાદ ટર્મ પૂરતું સાકાર કર્યું પણ પાછી દિલ્હી એની આગવી કોઠાસૂઝ સાથે વિકાસ એજન્ડાને વરી અને લાગલગાટ ત્રણ વાર શીલિ દિક્ષીતને હૈયાના સિંહાસન પર બિરાજમાન કરી શકી હતી. દિલ્હીનાં પરિણામોની દૂરોગામી અસરો પડશે એમાં શંકાને સ્થાન નથી. પાકિસ્તાન કે કાશ્મીર જેવા મુદ્દાઓ કરતાં પ્રજાને તો રોજિંદા જીવનની મૂળભૂત જરૂરિયાતો જ વધુ મહત્ત્વની લાગે છે એ સત્ય કેજરીવાલને અને સિસોદિયાને વેળાસર સમજાઈ ગયું, જેનાં મીઠા ફળ એમને મળી રહ્યા છે. શિક્ષણ અને આરોગ્ય ઉપરાંત સસ્તાં વીજળી-પાળીની વ્યવસ્થા તથા મહિલાઓ માટે નિઃશુલ્ક પ્રવાસની લહાણી કરીને કેજરીએ દિલ્હીની આમ પ્રજાનું દિલ જીતી લીધું છે. એથી જ પ્રદૂષણ મુદ્દે દિલ્હીને ગેસ ચેમ્બર સાથે સરખાવતું સુપ્રીમ કોર્ટનું નિવેદન કે ભાજપના રાષ્ટ્રીય નેતાઓ દ્વારા એમને પાકિસ્તાનના એજન્ટ સુધ્ધાં સાબિત કરવાના પ્રયાસો વાંઝિયા નીવડ્યા છે અને 'આમ આદમી'એ આમ આદમી એવા કેજરીવાલને વધુ પાંચ સાલ આપવાનો ઐતિહાસિક ચુકાદો આપી દીધો છે. દિલ્હીના મતદારોનો આ ચુકાદો રાષ્ટ્રીય સ્તરે પડઘાતો રહેશે - હતાશ થઈ ગયેલા વિપક્ષો ફરી એક વાર નોળવેલ સૂંઘીને ફરી લડાયક મૂકમાં આવી જતા નોળિયાની જેમ ભાજપના ભોરિંગ સામે મેદાને પડશે. ભાજપ માટે આ ચૂંટણી પરિણામો લાલબત્તી સમાં છે. તો વળી કોઈ એક નેતાની કરિશ્મા પર ચૂંટણી જીતી શવાશે - એવા અંધવિશ્વાસનો પણ આ ચૂંટણી પરિણામોએ રકાસ કરી દીધો છે. કોંગ્રેસને એની હેસિયત બતાવી દઈ - સવિશેષ પ્રાદેશિક પક્ષો સાથે હળીમળીને ચાલવાનો ગર્ભિત સંકેત પણ આ ચૂંટણી આપી રહી છે. ભારતને કદાચ નરેન્દ્ર મોદી પછી આમ આદમીના ચહેરા તરીકે કેજરીવાલ જ માન્ય થઈ શકે નહીં કે રાજવંશી રાહુલ-પ્રિયંકા, એવો એક મૅસેજ પણ બિટવિન ધિ લાઈન્સ વાંચી શકાય છે.

# ચંપાની આંખોમાં જળજળીયાં આવી ગયા...



નવાં કલેવર
નટવર હેડાઉ

આજે દરેક યુવા માતાપિતાનું સપનું છે કે તેમનું બાળક શહેરની ખ્યાત અને ઈન્ટરનેશનલ કક્ષાની શાળામાં ભણે અને જીનીયસ બને. જેનો લાભ એક યા બીજી રીતે ખાનગી શાળાઓના સંચાલકો લઈ રહ્યા છે. જેના કારણે મોટાં શહેરોથી લઈ નાના ગામો અને કેટલાંક તદ્દન પછાત કહેવાય તેવા વિસ્તારોમાં પણ ખાનગી શાળા સંચાલકો દ્વારા ઉચ્ચ કોટિનો અભ્યાસ ને સુવિધાઓનો આભાર ઊભો કરતી ઈન્ટરનેશનલ નામધારી શાળાઓ જે મોટાભાગની અંગ્રેજી માધ્યમની ખુલી છે અને હજુ પણ ખુબી રહી છે. માતા પિતાની આંકાક્ષા અપેક્ષા અને મહત્ત્વાકાંક્ષાને વધારી મુકતી આવી શાળાઓમાં હવે ફક્ત ઉચ્ચવર્ગનાં જ બાળકો ભણે એવું રહ્યું નથી. હાં એમાં એવું ચોક્કસ બન્યું છે કે 'લાંબા વાંસે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય' પોતાની ટૂંકી આવકમાં પણ મધ્યમવર્ગ અને ગરીબ વર્ગનાં માતાપિતાઓ ખેંચાઈને પોતાના બાળકને આવી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણવા મોકલે છે તેની સાથોસાથ જેમ શાળાના સંચાલકો તરફથી દેખાડો કરવામાં આવે છે તેવો જ વાલીઓ પણ કરતાં હોય છે, જેમાં અહમનો ટકરાવ થાય છે.

એક મલ્ટીનેશનલ કંપનીમાં જોબ કરતી શ્યામાની દીકરો શહેરની સૌથી મોંઘી કહી શકાય તેવી અંગ્રેજી માધ્યમની શાળામાં ભણતો હતો. તેની પેરેન્ટસ - ટીચર્સ મીટીંગમાં શ્યામા ગઈ.

તેણે જોયું તો ખૂબ જ અપડૂટેડ તૈયાર થઈ સજીધજીને સ્લીવવેલ બ્લાઉઝ, ખુલ્લાવાળમાં તેણે પોતાની નોકરાણી ચંપાને જોઈ, શ્યામાને પોતાની આંખો પર વિશ્વાસ ન આવ્યો.

'તું, અહીં.... કેમ ?'

'મારો દીકરો ફોર્થ સ્ટાન્ડર્ડમાં ભણે છે. તેનું નામ હર્ષિત છે.' ચંપા ખુશ થતી બોલી રહી હતી. 'હર્ષિત અને તમારો દીકરો વિવેક બને સારા ફ્રેન્ડ છે.'

'તે વિવેકની સાથે ભણે છે.'

'હાં, મેડમ'

મીટીંગ દરમિયાન શ્યામા ચૂપ રહી. જો કે તેના ચહેરાના હાવભાવથી સ્પષ્ટ લાગતું હતું કે તેને આ ગમ્યું નથી.

બીજે દિવસે વહેલી સવારમાં ચંપા રોજની જેમ પોતાની સાધારણ સાડી અને અંબોડોવાળી શ્યાનાને ઘેર આવી ગઈ અને વાસણ માંજવા લાગી.

શ્યામા ઓફીસ જવા તૈયાર થઈ હતી. તે બેઠકરુમમાં બેચેનીથી આમતેમ આંટા મારતી હતી. ચંપાને મેડમની આ બેચેનીનું કંઈ કારણ સમજાયું નહીં. તે તો પોતાના કામમાં મશગુલ હતી.

તે દરમિયાન શ્યામા ચંપા જયા કામ કરતી હતી ત્યાં ધસી આવી. તેના ચહેરા પર ઉગ્રતા છવાયેલી હતી. મનમાં કંઈક ઘમાસાન ચાલતું હોય તેમ લાગતું હતું.

તેણે વાસણ માંજતી ચંપાને ખુબ જ રુક્ષતા પૂર્વક કહ્યું, 'ચંપા, તું તારો હિસાબ કરી લે, કાલથી કામ પર ન આવતી.'

ચંપાની આંખોમાં જળજળીયાં આવી ગયા, કેમ આવું થયું ? તે સમજવાની કોશિશ કરે તે પહેલાં શ્યામાએ તેના હાથમાં નોટો પકડાવી દીધી અને બોલી. 'તારા દીકરાને કહી દે જે કે મારા વિવેકથી દૂર રહે.'

ચંપા મનમાં બધું સમજી ગઈ. તેણે સાડીનો છેડાથી હાથ લૂંછી રૂપિયાની નોટોને છેડામાં બાંધી ચૂપચાપ બહાર નીકળી ગઈ.

# હમારા વજૂદ : વહીં સે શરૂ ઔર વહીં પે ખતમ હોતા હૈ



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

માણસને જન્મતાની સાથે જ ઘણુબધું વારસામાં મળતું હોય છે. આ દુનિયામાં કોઈ જ માણસ એવો નથી હોતો કે જેને વારસામાં કઈ જ ના મળતું હોય. ચાહે એ માણસને ગમતું કે અણગમતું મળતું હોય છે. માણસને વારસામાં ધન, દૌલત, સંપતિ, માન, માતરબો અને મોભ્ભો, આ બધુ જ મળતું હોય છે. સંસ્કારો પણ માણસને વારસામાં મળતા હોય છે. લોહીનું ગ્રૂપ અને કેટલાક રોગ પણ માણસને વારસામાં મળતા હોય છે. માણસને "જીન્સ" કે **"DNA"** વારસામાં મળતા હોય છે. માણસને આર્થિક પરિસ્થિતી, રૂઢીઓ, રિવાજો વારસામાં મળતા હોય છે. આ બધાની સાથે માણસને એક મહત્વની વસ્તુ વારસામાં મળતી હોય છે અને એ છે સબંધો. વારસામાં મળતા સબંધો માણસ માટે સૌથી વધારે અગત્યના હોય છે. એ સંબંધોની સાથે માણસને બીજું પણ ઘણુબધું આપમેળે વારસામાં મળી જતું હોય છે.

બાળક જન્મે છે ત્યારે તે તેની માતા સાથે નાળનાં સબંધોથી બંધાયેલું હોય છે, બાળકનાં જન્મની સાથે જ માતા સાથે બંધાયેલી તેની નાળને તોડી નાંખવામાં આવે છે. નાળ તૂટે છે પણ નાળનાં સંબંધો અતૂટ રહેતા હોય છે. માતા સાથેનાં સંબંધોની સાથે બાળકને પિતાનાં સંબંધો પણ વારસામાં મળતાં હોય છે. ભલે પિતા સાથે બાળકની નાળ બંધાયેલી નથી હોતી, છતાં પિતા સાથેનાં બાળકનાં સંબંધો તો નાળનાં જ કહી શકાય. માતા-પિતાનાં સંબંધોની જેમ જ દાદા-દાદી, કાકા-કાકી, મામા-મામી, માસા-માસી, ભાઈ-બહેનના સંબંધો પણ નાળનાં સંબંધો જેવા જ હોય છે. આ બધા સંબંધો વ્યક્તિને જન્મની સાથે જ વારસામાં મળતા હોય છે. આ બધા સંબંધો ભલે નાળનાં સંબંધો ના કહી શકાય પણ લોહીનાં સંબંધો તો કહી જ શકાય. આમ જે સંબંધો નાળનાં કે લોહીનાં હોય છે એ સંબંધો થકી વ્યક્તિનું કુટુંબ બનતું હોય છે. આમ વ્યક્તિને વારસામાં મળેલા કૌટુંબિક સંબંધો વ્યક્તિનાં જીવનમાં ખૂબ જ મહત્વનાં હોય છે.

સંબંધોનાં વિશાળ વર્તુળમાં વ્યક્તિનાં મોટાભાગના સંબંધો તેમના લોહીનાં સંબંધો કે કૌટુંબિક સંબંધો હોય છે. વ્યક્તિનાં જન્મથી લઈને મૃત્યુ સૂધીની જીવનયાત્રાનાં મોટાભાગનાં હમસફરો તેમનાં કુટુંબીજનો જ હોય છે. વ્યક્તિનું બાળપણ, તરુણાવસ્થા, યુવાની, પ્રોઢાવસ્થા અને વૃધ્ધાસ્થાનાં તાંતણાઓ કુટુંબીજનોની સાથે જ ગૂંથાયેલા હોય છે. વ્યક્તિની લાગણીઓ જેવી કે સુખ, દૂઃખ, વ્યથા, વેદના, ખુશી કે આનંદનો ઉદ્દભવ કુટુંબીઓ સાથેનાં સંબંધો થકી જ થતો હોય છે અને લાગણીઓનું શમન પણ તેઓ થકી જ થતું હોય છે. વ્યકિતનાં જીવનની મોટાભાગની ચડતી-પડતી કે પ્રગતિ-અધોગતિ આ સંબંધો સાથે જ જોડાયેલી હોય છે. વ્યકિત પોતાના જીવનની આનંદની પળો આ સંબંધીઓ સાથે જ માણતી હોય છે અને દુ:ખની પળો પણ આ સંબંધો સાથે જ વહેંચતી હોય છે. લોહીના સંબધોનું આ વર્તુળ એવું છે કે જેની પરિધીની બહાર વ્યક્તિ ક્યારેય નીકળી શક્તી નથી. એ સંબંધોનાં તાણાંવાણાં એવી રીતે ગૂંથયેલા હોય છે કે એ તાણાંવાણાંમાંથી છૂટા પડવું વ્યક્તિ માટે મુશ્કેલ જ નહીં, અશકય જ હોય છે. સંબંધોનાં આ વર્તુળમાં જ વ્યક્તિનો જન્મ થતો હોય છે, આ વર્તુળમાં જ જીવન પસાર થતું હોય છે અને આ વર્તુળમાં જ તેનું મૃત્યુ થતું હોય છે. જન્મથી મૃત્યુ સુધીની મોટાભાગની યાત્રા આ સંબંધોના વર્તુળની પરિઘી વચ્ચે જ થતી હોય છે. વ્યક્તિનાં જીવન દરમ્યાન વર્તુળનો ઘેરાવ વધી-ઘટી શકે છે પણ વર્તુળ ક્યારેય તૂટી શકતું નથી.

આપણાં જન્મથી લઈને મૃત્યુ સુધી આપણે જીવવા માટે, આપણું અસ્તિત્વ ટકાવી રાખવા માટે, આપણી આર્થિક અને સામાજિક પ્રગતિ માટે, આપણાં સંબંધો સાચવવા માટે વિવિધ પ્રકારનો સંઘર્ષ કરતા રહીએ છીએ, પુરુષાર્થ કરતા રહીએ છીએ. એ પુરષાર્થ, એ સંઘર્ષ કરવા માટેનો મુખ્ય હેતુ આપણાં લોહીના સંબંધો જ હોય છે. એ પુરુષાર્થ, એ સંઘર્ષનું કેન્દ્રબિંદુ આપણાં એ કૌટુંબિક સંબંધો જ હોય છે. આપણાં એ સંબંધો માટે જ આપણે જીવનભર ઝઝૂમતા રહીએ છીએ. આપણા એ સંબંધો ના હોત તો કદાચ પુરુષાર્થ કરવા માટે આપણી પાસે કોઈ કારણ જ ન હોત, કોઈ બહાનું જ ન હોત. આપણે જીવીએ છીએ આપણાં સંબંધો માટે જ અને મરીએ છીએ પણ આપણાં સંબંધો માટે.

આપણાં લોહીનાં સંબંધો એક ઘટાદાર વૃક્ષ જેવા હોય છે. એ ઘટાદાર વૃક્ષના જેનાં બીજ ક્યારે રોપાયા હશે તેનો તાગ મેળવવો પણ અશક્ય હોય છે. સંબધોનું એ વૃક્ષ એવું હોય છે જેના ફળ પણ આપણે, ફૂલ પ આપણે, પર્ણો પણ આપણે, ડાળીઓ પણ આપણે, શાખાઓ પણ આપણે અને મૂળ પણ આપણે જ. આપણે કોઈને તેનાથી જુદા પાડી શકીએ નહી. એ સંબધોનાં મૂળિયા પણ એટલા ઊંડા હોય છે કે જેને ક્યારેક જડમૂળમાંથી ઉખેડી શકાતા નથી.

આપણાં આ પ્રકારનાં લોહીના સંબધોમાં ક્યારેક ક્યારેક નાના-મોટા ઝઘડાઓ થતાં રહેતા હોય છે, ક્યારેક વિખવાદો, બોલાચાલી, વાદ-વિવાદ, રિસામણા-મનામણા થતા રહેતા હોય છે. આ બધું ક્યારેક નાના સ્વરૂપે તો ક્યારેક મોટા સ્વરૂપે પણ થતું રહેતું હોય છે. આવું બધું અણગમતું થતું રહે છે છતાં આપણાં મોટાભાગના એ લોહીના સંબંધો એમ જ અકબંધ રહેતા હોય છે. આમ સંબંધો અકબંધ રહી શકવાનું મુખ્ય કારણ એક જ હોય છે કે આ સંબંધો, નિર્વ્યાજ સ્નેહ અને પ્રેમનાં સંબંધો હોય છે.


આપણાં જીવનમાં ક્યારેક કોઈ એવી આકસ્મિક ઘટના બનતી હોય છે કે કોઈ કારણસર આપણાં એ લોહીના કે નાળનાં સંબંધો આપણાંથી દૂર થઈ જતાં હોય છે. આપણાં ઈરાદાઓ ન હોવા છતાં, ઈચ્છા ન હોવા છતાં, ગમતું ન હોવા છતાં આવા સંબંધો જ્યારે આપણાંથી દૂર થઈ જતાં હોય છે ત્યારે આપણે વધુમાં વધુ દુ:ખી થતાં હોઈએ છીએ. કોઈપણ પ્રકારનાં દુ:ખ કરતાં, કોઈપણ પ્રકારની વેદના, વ્યથા કે પીડા કરતાં સંબંધો દૂર થઈ જવાનું દુ:ખ, વેદના, વ્યથા કે પીડા વધુમાં વધુ હોય છે. એ પીડા એ ટીસ જીવનભર આપણને ખટક્યા કરતી હોય છે અને ખોતર્યા કરતી હોય છે છતાં આપણે લાચાર થઈને એ સહ્યા કરતા હોઈએ છીએ. આપણે એ સંબંધોની સાથે રહીએ કે એ સંબંધો આપણાંથી દૂર થઈ જાય, નાના મોટા ઝઘડાઓ થતાં રહે કે સ્નેહ-પ્રેમથી સંબંધોને માણતા રહીએ, એ સંબંધો માટે સંઘર્ષ કરવો પડે કે પાણીના વહેણની જેમ એ સંબંધો વહ્યા કરે, જે કઈ પરિસ્થિતી હોય, આખરે હમારા વજૂદ વહીં સે શરુ હોતા હૈ ઔર વહીં પે ખતમ હોતા હૈ.

# રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી વિનાનું વિશ્વ સાવ અકલ્પનીય



ચિંતન
ડો. હરિ દેસાઈ

મહાત્મા ગાંધી એટલે વિશ્વમાં સૌથી વધુ ચર્ચાતું નામ. ભારતના રાષ્ટ્રપિતા છતાં દુનિયાના અનેક દેશોના રાષ્ટ્રપિતાઓ માટે પણ એ પ્રેરણાશ્રોત. આપણા સૌની જેમજ આ જ દુનિયામાં વિહાર કરીને, પોતે નહીં કરાવેલા ભાગલા બદલ માથાફરેલા નથુરામ ગોડસેની ગોળીએ દેવાયેલો, હાડચામનો માણસ નામે મો.ક.ગાંધી આલ્બર્ટ આઈનસ્ટાઈન જેવા મહાન વૈજ્ઞાનિકને પણ ઘેલું લગાડી ગયો. ના એણે પોતાને મહાત્મા તરીકે ઓળખાવાના અભરખા સેવ્યા હતા કે ના એને રાષ્ટ્રપિતા થવાના ધખારા હતા. ક્યારેક ૧૯૧૦માં એમના સખા અને જનસેવાના કામમાં તેમને આર્થિક મદદ કરનારા ડૉ.પ્રાણજીવન મહેતાએ પત્ર-પતાકડામાં મોહનદાસને સૌપ્રથમ



'મહાત્મા' કહ્યા હતા. વર્ષ ૧૯૩૮માં સુરત પાસેના હરિપુરામાં કોંગ્રેસ અધ્યક્ષ તરીકે જેમને પડખામાં લઈને એ ફર્યા તે જ નેતાજી સુભાષચંદ્ર બોઝ જીદે ચડીને વર્ષ ૧૯૩૯માં કોંગ્રેસના બીજીવાર અધ્યક્ષ ચૂંટાયા એમાં ગાંધીજીને પોતીકો પરાજય અનુભવાયો. સરદાર પટેલ અને પંડિત નેહરુ જેવાએ સુભાષની કારોબારીમાંથી ફારેગ થવાનું પસંદ કર્યું. ગાંધીજી અને એમના સાથીઓ સાથેના ગંભીર મતભેદોને પગલે સુભાષે કોંગ્રેસનું અધ્યક્ષપદ જ નહીં, કોંગ્રેસ પણ છોડી અને ફોરવર્ડ બ્લોકનો અલાયદો ચોકો રચ્યો, સિંગાપુર જઈને આઝાદ હિંદ ફોજનું સરસેનાપતિપદ રાસબિહારી બોઝ પાસેથી સંભાળ્યું અને છેક જુલાઈ ૧૯૪૪માં રંગૂન રેડિયો પરના પ્રસારણમાં સૌપ્રથમ મહાત્મા ગાંધીને 'રાષ્ટ્રપિતા' કહ્યા હતા. એ વિરાટ વ્યક્તિત્વોનો યુગ હતો. આજે વિશ્વભરમાં મહાત્મા ગાંધીની સાર્ધશતાબ્દી ઉજવાઈ રહી છે. યુગનાં મહાન વ્યક્તિત્વો પર પણ પ્રભાવ પાડનાર આ પોરબંદરના સપૂત, મૂળે તો જૂનાગઢ રાજયના કુતિયાણાના એવા મહાત્મા ગાંધીના નિર્વાણ દિવસ (૩૦ જાન્યુઆરી) નિમિત્તે એમને સ્મરવાની આ ઘડી છે. ગાંધીજીથી થોડા મહિના મોટાં એમનાં ધર્મપત્ની અને રાષ્ટ્રમાતા કસ્તુરબા ઉપરાંત મહાત્માના અનન્ય સાથી તેમ જ આદિવાસી, દલિત અને અન્ય પછાત સહિતના વંચિતોના મસીહા ઠક્કરબાપા એટલેકે મૂળે ભાવનગરના અમૃતલાલ ઠક્કરની પણ સાર્ધ શતાબ્દીનું આ વર્ષ છે.

લોકમાન્ય ટિળક અને ગાંધીમાર્ગ

'મરાઠી વિશ્વકોશ'ના રચયિતા અને સોમનાથના જીર્ણોદ્ધારના શુભારંભપર્વે તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદની ઉપસ્થિતિમાં પૂજાવિધિની જવાબદારી સાંભળનાર વિદ્વાન તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી જોશી લોકમાન્ય ટિળકને "ગાંધીમાર્ગના પહેલા ઉપદેશક" કહે ત્યારે ઘણાને આશ્ચર્ય થવું સ્વાભાવિક છે. દક્ષિણ આફ્રિકે હિંદીઓના અધિકારો માટે ગોરાઓના શાસન સામે સંઘર્ષરત અને એ જમાનામાં વર્ષે ૮૫,૦૦૦ પાઉન્ડની ધીકતી પ્રેક્ટિસ છોડીને આશ્રમવાસી થનારા બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધીમાંથી પોતડીદાસ મહાત્મા ગાંધીમાં રૂપાંતરણ થવું એ કંઈ નાનીસૂની વાત નહોતી.ગાંધીએ અનેકોના જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું અને નવજીવન બક્ષ્યું એમ કહી શકાય.જે જે આ મહાત્માના સંપર્કમાં આવ્યા એમણે સઘળું ત્યાગીને આ ઓલિયા માણસના સાથને અને એના આદેશોના અનુસરણને કબૂલ રાખ્યું. એમાં મિઝ મેડલીન સ્લેડ (મીરાબાઈ) જેવી બ્રિટિશ સન્નારી પણ હતી અને રાજવી પરિવારની ઓક્સફર્ડમાં ભણેલી ખ્રિસ્તી રાજકુમારી અમૃત કૌર પણ હતી. દોમદોમ સાહ્યબી છોડીને ગાંધીજીના આશ્રમની ઝૂંપડીમાં રહેવાનું તેઓ સ્વેચ્છાએ કબૂલતી રહી. આઝાદી પછી કેટલાકને પ્રધાનપદ મળ્યાં છતાં સાદગી જાળવી. મીરાબહેન તો હિમાલયની છાયામાં આશ્રમમાં જઈને રહ્યાં. બાપુનું શિષ્યત્વ સ્વીકારનારાઓમાં બેરિસ્ટરો સરદાર વલ્લભભાઈ પટેલ કે જવાહરલાલ નેહરુ પણ હતા અને પ્રખર ધારાશાસ્ત્રીઓ મોતીલાલ નેહરુ અને ડૉ.રાજેન્દ્ર પ્રસાદ પણ. ગાંધી કને કોણ જાણે કેવી હૃદયપરિવર્તનની જડીબુટ્ટી હતી કે અનેકોએ સર્વસ્વ ત્યાગીને સાદગીને વહાલી કરી હતી. ગાંધીજી સર્વધર્મ સમભાવમાં માનનારા અને અનુસરનારા તેમજ કોઈ રાજકીય સત્તાના હોદ્દા નહીં સ્વીકારનારા અનોખા સંત હતા. પોતે ભારતીય અને વિશ્વની સંસ્કૃતિઓમાંથી સારપને આગળ કરી રહ્યાનું કહેનારા મહાત્મા દ્વેષ કે ઘૃણા ભાવ તો અંગ્રેજ શાસકો માટે પણ ધરાવતા નહોતા.મીરાબહેન જયારે હિંદુ ધર્મ અંગીકાર કરવા ઈચ્છતાં હતાં ત્યારે બાપુએ કહેલા શબ્દો એમના ચિંતનના અર્ક જેવા હતાઃ ધર્મ પરિવર્તન કરવાની જરૂર નથી.હિંદુ સારા હિંદુ બને, મુસ્લિમ સારા મુસ્લિમ બને અને ખ્રિસ્તી સારા ખ્રિસ્તી બને એટલું પૂરતું છે.

- haridesai@gmail.com